**સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં નવી બાબત તરીકે મંજૂર થયેલ ૦૫ (પાંચ) કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ માટેના સ્થળોની પસંદગી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૮/ન.બા-૧/ઘ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮/૦૬/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૯/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૭/૦૧/૨૦૨૦ની સિંગલ ફાઇલ સિસ્ટમ ક્રમાંકઃ આવિ/મકમ/ફા.નં.૯૯/૨૦૧૯/આગૃનિ શાખા

**પ્રસ્તાવના :-**

આદિવાસી લોકો પોતાની વંશપરંપરાગત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તેમજ તેઓના સામાજિક પ્રસંગો એક જ સ્થળે આયોજિત કરી શકે તે માટે ૦૫ જુદા જુદા સ્થળો પર કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ બનાવવા અંગેની અંદાજીત રૂ.૧૩૧૫.૫૦ લાખની તથા તે પૈકી પ્રથમ વર્ષે ૩૩.૩૩% લેખે રૂ.૪૩૮.૦૫ લાખની માંગણી ક્રમાંક-૯૬ હેઠળની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની નવી બાબતને નાણા વિભાગ દ્વારા સૂચવેલ શરતોને આધીન વહિવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરની સિંગલ ફાઇલ સિસ્ટમ દ્વારા ૦૫ જુદા જુદા સ્થળો પર કલ્ચરલ-કમ-કોમ્યુનિટી હોલ બનાવવા અંગેની રૂ.૪૩૮.૦૫ લાખની સને ૨૦૧૯-૨૦ના વર્ષની નવી બાબત અન્વયે જુદી જુદી જિલ્લાવાર રજૂઆતો મળેલ જે સંબંધે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક (૨) ઉપર દર્શાવેલ સિંગલ ફાઇલ ઉપરની તા.૦૮/૦૧/૨૦૨૦ની નોંધથી સરકારને દરખાસ્ત રજૂ કરેલ જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે આદિવાસી લોકોને વંશપરંમપરાગત સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને સામાજિક પ્રસંગો એક જ સ્થળે આયોજિત કરી શકે તે માટે વર્ષ ૨૦૧૯-૨૦માં નીચેના સ્થળોએ કોમ્યુનિટી હોલ બનાવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વડોદરા, જિ.વડોદરા

(૨) સંતરામપુર, જિ.મહિસાગર

(૩) વિજયનગર, જિ.સાબરકાંઠા

(૪) દાંતા, જિ.બનાસકાંઠા

(૫) ઉમરપાડા, જિ.સુરત

૨.     આયોજનના અમલીકરણમાં આ વિભાગના તા.૨૭/૦૯/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી (આ.વિ.)ની તા.૧૨/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આર. ડોડીયા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2019-20\PRC-102018-N.B.1-GH-GR.docx